ઈડરમાં મિત્ર મંડળની સ્કીમોનો રાફડો : ૨૬ માસ પૈસા ભરવા છતાં પૈસા ન અપાતાં ફરિયાદ

ઈડર, તા. ૨

ગત તા. ૨૦ એપ્રિલ-૨૦૧૨ના રોજ રૂપેશ ઉદયકુમાર હિંમતલાલે ઈડરના સામાજિક કાર્યકર દુશ્યંતભાઈ પંડ્યાને સાથે રાખી ઈડર મામલતદારને લેખીતમાં જાણ કરેલી કે, 'તેઓ છેલ્લા ૨૬ માસથી સ્થાનિક મિત્રમંડળમાં પૈસા જમા કરે છે.' તેઓને પૈસાની જરૂર હોઈ મિત્રમંડળના ભાગીદાર મહાવિરકુમાર ગાંધી રહે. ગઢવાડા, ઈડરની પાસે પૈસા માગતા તેમણે ઈડર શ્રીનગર વિસ્તારમાં આવેલી સુન્દરમ ફાઈનાન્સ પેઢીમાં જઈ પૈસા મેળવી લેવા જણાવ્યું હતું. તેમણે સુન્દરમ ફાઈનાન્સમાં જઈ બુક આપી પૈસા લેવાની વાત કરતાં ફાઈનાન્સના માલિક મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'અહિંયા કોઈના પૈસા જમા થતા નથી. જેણે તમારૂ સ્કીમમાં નામ લખ્યું હોય તેની પાસેથી પૈસા લઈ લો.' આવા જવાબથી નાસીપાસ થઈ તેઓએ ઈડર મામલતદારને લેખીતમાં અરજી આપી છે. મામલતદાર ગોસ્વામીને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે, અરજીને લઈ નોટીસ ઈસ્યુ કરવામાં આવી છે. નોટીસ મેં સ્કીમના માલિકો પાસે જે પણ દસ્તાવેજી પુરાવા હોય તે લઈ હાજર થવા જણાવાયું છે. જો દસ્તાવેજ પુરાવા રજુ નહી કરે તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પરંતુ આજ સુધી સંચાલકે ઓફીસનો દસ્તાવેજ લઈ આવ્યા નથી જેથી તેમના વિરૂદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરાશે.

ઈડર શહેરમાં સ્કીમોનો રાફડો ફાટ્યો છે. હાલ ઈડરમાં ૩૦ થી ૪૦ મિત્ર મંડળના નામે કોઈપણ જાતની સરકારી મંજૂરી મેળવ્યા વગર પૈસા ઉઘરાવાય છે. સરકારી તંત્ર જાગે અને આ પૈસાનો હિસાબ માગે તે જરૂરી બનવા પામ્યું છે.

લિંભોઈ નાગણેશ્વરી માતાજીનો પાટોત્સવ ઉજવાયો

વડાલી, તા. ૨

ઈડર તાલુકાના લિંભોઈ ગામમાં ખૂબ જ જાણીતું અને પ્રસિદ્ધ નાગણેશ્વરી માતાજીનું મંદિર આવેલું છે. ઈડરના લિંભોઈ ગામના રાઠોડ રાજપૂત સમાજ દ્વારા માતાજીનો વાર્ષિક પાટોત્સવ ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવાય છે.

લિંભોઈ ગામમાં રાઠોડ રાજપૂત સમાજ દ્વારા તાજેતરમાં વાર્ષિક પાટોત્સવ યોજવામાં આવ્યો હતો. સમાજના ધર્મભક્તોએ પૂજા અને યજ્ઞમાં જોડાઈને સામુહિક ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે નાગણેશ્વરી માતાજીનો યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં માઈ ભક્તો જોડાયા હતા અને દર્શનનો લાભ લીધો હતો.

કાંકરેજ તાલુકા રાવળ સમાજ દ્વારા થરા વિનય વિદ્યા મંદિર ખાતે યોજાયેલ સમૂહ લગ્નોત્સવમાં ૬૨ જેટલા યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યાં હતાં. કાંકરેજ તાલુકા રાવળ સમાજ દ્વારા યોજાયેલ આ સમૂહ લગ્નોત્સવમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા ખાસ મહેમાન તરીકે હાજર રહી સમાજકાર્ય માટે ૫ લાખ રૂપિયા અનુદાન આપવાની જાહેર કરી હતી.

વેરાબર સાંઈબાબાના મંદિરે પાટોત્સવ યોજાયો

ઈડર, તા. ૨

ઈડરના વેરાબર ગામે સાંઈબાબાના મંદિરે સતત પાંચમા વર્ષે વાર્ષિક પાટોત્સવનું આયોજન થયું. જેમાં પાંચ દંપતી પૂજા યજ્ઞમાં જોડાયા હતા. કર્મકાંડ જનકભાઈ બી. શાસ્ત્રી દ્વારા થયું. મોટી સંખ્યામાં હરીભક્તો હાજર રહિ દર્શન અને ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. દરેક સહભાગી થયેલા હરિભક્તોની સરોજબેન રમેશભાઈ પાઠક પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

માણસા જીઆઈડીસી પાસેની જમીનમાં નુકસાન કરનાર ચાર ઈસમો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

માણસા, તા. ૨

માણસા જી.આઈ.ડી.સી. પાસે આવેલ ખેતર અંગેનો વિવાદ કોર્ટમાં ચાલુ હોવા છતાં કેટલાક ઈસમો દ્વારા ખેતર માલિકની જાણબહાર ગેરકાયદેસર પ્રવેશ કરી અંદર રહેલ પરાલ સળગાવી ખેડૂતને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ખેડૂતે માણસા પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ માણસા જીઆઈડીસી પાસે આવેલ ખેતર સર્વે નંબર ૮૭૨ ના માલિક પટેલ જીજ્ઞેશકુમાર સાંકળચંદ પટેલ પોતાની વારસાઈની જમીનમાં ખેતી કરી ગુજરાન ચલાવે છે જે જમીન કોઈ કારણસર માણસા જીઆઈડીસીના નામે ચડી જતાં આ બાબતે ગાંધીનગર કોર્ટમાં ૧૫૪/૨૦૦૬થી દાવો ચાલુ છે જેમાં ગઈ કાલે સાંજે ખેડૂત તેમની માતા અને કાકી સાથે ખેતરમાં ગયા ત્યારે જીઆઈડીસીના પ્રમુખ માધવલાલ શંકરલાલ પટેલ, સુરેશભાઈ ઈશ્વરભાઈ પટેલ રહે. મંડાલી, પટેલ અતુલભાઈ કાળીદાસ રહે. જામળા તથા પટેલ અંબાલાલ ગાંડાભાઈ રહે-પરબતપુરા વાળાઓએ ખેતરમાં પડેલું પરાલ સળગાવી દીધેલું. ફેન્સીંગ વાડ પણ તોડી નાંખેલી અને પાયા ખોદાવી ઈંટો પણ ઉતારવી દીધી હોવાનું જોતાં ખેડૂતે આ બાબતે પૂછતાં ચારે જણાએ ઉશ્કેરાઈ જઈ બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી જીજ્ઞેશકુમારને લાફો મારી દેતાં ભોગ બનેલ ખેડૂતે આ બાબતે માણસા પોલીસ સ્ટેશને ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોટરસાયકલ સવારે ઢાળમાં ઉભેલી ક્વોલીસને ટક્કર મારતા ગંભીર ઈજા

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેની હાથમતી નદીના ઢાળમાં જુમ્મા મસ્જીદ પાસે એક મોટરસાયકલ ચાલકે ઉભી રહેલી ક્વોલીસ ગાડીને પાછળથી ટક્કર મારતાં ગંભીર ઈજાઓ થયાની હિંમતનગર ટાઉનપોલીસમથકે નોંધ થઈ હતી.

હિંમતનગરના ખેડ-તાસીયા રોડ પાસે રાત્રિના સમયે ધાંધલ ધમાલ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ખેડ-તસીયા રોડ પાસે રેલ્વે ફાટક નજીક તા. ૧લી મે ના રોજ રાત્રિના સમયે સ્કોર્પિયો ગાડીમાં આવેલા ચારેક ઈસમોએ હિંમતનગરના ચારેક ઈસમોને માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગાડીના કાચ તોડીને નુકસાન કરતાં આ સંદર્ભની ફરિયાદ હિંમતનગર પોલીસ સ્ટેશને નોંધાઈ છે.

જાણવા મળ્યા પ્રમાણે હિંમનતનગર ગોકુલનગર નજીક તા. ૧લી મે ના રોજ રાત્રીના ૧૦.૧૫ વાગ્યે હિંમતનગર જનકપુરીના ચારેક ઈસમો ઈકો ગાડી નંબર જીજે-૧૮, ૨૯૨૪ લઈને ઉભા હતા ત્યારે સ્કોર્પીયો ગાડી લઈને આવેલા ચારેક ઈસમોએ સ્કોર્પિયો ગાડીના કાચ તોડી, ગજેન્દ્રસિંહ, વિજયભાઈ તથા અન્ય બે જણા પર તુટી પડી લાકડીઓ મારી ઘાયલ કર્યા હતા. બચાવો-બચાવોની બુમો પાડતાં આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા અને ઘાયલ બે જણાને ૧૦૮ સેવા દ્વારા હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે પહોંચાડયા હતા. બે જણાને મારી નાખવાની ધમકીઓ આપ્યાની ફરિયાદ નિર્મલના પિતા પ્રવીણભાઈ પટેલે હિંમતનગર ટાઉનમાં ફરિયાદ નોંધાવતા પોલિસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સ્કોર્પિયો ગાડીમાં આવેલા આ લોકો દેરોલના હોવાનું ફરીયાદી દ્વારા જણાવાયું છે. ઝગડાનું રહસ્ય અને કારણ વણ ઉકલ્યું છે.

લૂંટના ગુનામાં નાસતો ફરતો શખ્સ ઝડપાયો

અમદાવાદ, તા.૦૨

મહારાષ્ટ્રના જલગાંવમાં થયેલી લાખ્ખો રૂ.ની લૂંટના ગુનામાં બે વર્ષથી નાસતાં ફરતાં અજુબાએ ઝોન-૪ ડી.સી.પીના સ્કવોર્ડે ઝડપી પાડ્યો છે. મળતી વિગતો એવી છે કે ઝોન-૪ ડી.સી.પી નીરજ બડગુજરે સ્કવોર્ડના માણસોને નાસતા ફરતાં હીસ્ટ્રીસીટરોને ઝડપી પાડ્યા સૂચના આપી હતી. દરમ્યાનમાં સ્કવોર્ડના હે.કો. દિનેશભાઈ મંગુભાઈને બાતમી મળી હતી કે વર્ષ ૨૦૧૦ થી મહારાષ્ટ્રના જલગાંવ ખાતે થયેલી ૪.૫૦ લાખનીલૂંટનો નાસતો ફરતો આરોપી અજય ઉર્ફે અજુબા ગોપાલભાઈ છારા પાટીયા નજીકથી પસાર થવાનો છે. બાતમીના આધારે હે.કો. જીતેન્દ્રકુમાર બહાદુરશિંહ અને પો.કો. મહેન્દ્રસિંહ સહિતની ટીમે અજય ઉર્ફે અજુબાને ઝડપી પાડ્યો હતો.

કાંકરેજ તાલુકાના કુંવારવા ગામે શ્રી રાજવિદ્યા પ્રચાર સેવા સંસ્થાનમાં ચાલતા કથા - સત્સંગમાં હજારો ભક્તો લ્હાવો લેવા અને દર્શનાર્થે પધાર્યા હતા. જ્યાં પરમ પૂજ્ય શ્રી ભુરાનંદજી મહારાજ તેમજ સત્સંગ અને કથાનું રસપાન કરાવતા ભાવિ ભક્તો અને ભગીનીઓ દ્રષ્ટિગોચર થાય છે. (તસવીર : હેમુભા વાઘેલા)

પ્રદેશ ભાજપ આગેવાનોની મળેલી બેઠક : સંગઠનને સક્રિય ભૂમિકા ભજવવા અનુરોધ કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨

રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા કાર્યક્રમોમાં સંગઠન સક્રિય ભૂમિકા ભજવે તે માટેની વ્યૂહરચના આજે મળેલી પ્રદેશ ભાજપ આગેવાનોની બેઠકમાં ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપ આગેવાનોની એક મહત્વની બેઠક મળી હતી. વિધાનસભા ચૂંટણી માટેની તૈયારીઓ અંગે ચર્ચા-વિચારણા કરીને વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આગામી ૬ઠ્ઠી મે થી રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં કૃષી મહોત્સવનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. એક મહિનો ચાલનારા આ કાર્યક્રમ દરમ્યાન રાજ્યના ૨૨૫ તાલુકાઓમાં કૃષી રથ કાઢવામાં આવનાર છે. આ કૃષી મહોત્સવ દરમ્યાન ખેડૂતોને ઓછા ખર્ચે વધુ કૃષી ઉત્પાદન મેળવવા અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

૬ઠ્ઠી મે થી કૃષી મહોત્સવનો પ્રારંભ થનાર છે. ત્યારે આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ સંગઠનને સક્રિય ભૂમિકા ભજવવા માટે આજની બેઠકમાં અનુરોધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સંગઠનને કૃષી મહોત્સવના કાર્યક્રમમાં સક્રિય રીતે જોડાઈને રાજ્યના ખેડૂતોનો સંપર્ક સાધીને કેન્દ્રની યુ.પી.એ. સરકારની ખેડૂત વિરોધી નીતિઓને છતી કરવાનો પ્રયાસ કરવા માટેના પ્રયાસ કરવા અનુરોધ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

આગામી વિધાનસભા ચૂંટણી જંગ જીતવા માટે આ વખતે ભાજપ દ્વારા નવા સીમાંકનને ધ્યાને રાખીને રણનીતિ ઘડવામાં આવનાર છે ત્યારે આ વખતે ભાજપે યુવા અને મહિલા મતદારોને આકર્ષવા માટેના ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢીને યુવાનો અને મહિલા મતદારોને સજાગ કરવાના પ્રયાસો ભાજપ દ્વારા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

વિધાનસભા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે સંગઠનને મજબુત બનાવવા-માઈક્રોલેવલ પ્લાનીંગ માટે બુથ લેવલ સુધીનું માઈક્રો પ્લાનીંગ અસરકારક બનાવવા માટે પણ પ્રદેશ આગેવાનોને માર્ગદર્શન આપીને અનુરોધ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ચાણક્યપુરીમાં ગેરકાયદે બાંધકામો અંતે દૂર કરાયા

ટીપી રસ્તા ખુલ્લા કરવાની ઝુંબેશના ભાગરૂપે આજે એસ્ટેટ નગરવિકાસ ખાતા દ્વારા નવા પશ્ચિમ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ચાંદલોડીયા વોર્ડમાં ચાણક્યપુરી વિસ્તારમાં ખોડીયારનગરથી સીટી સુધીના ૧૫.૦૦ ટીપી રસ્તામાં આવતા રહેઠાણના ૩૬ યુનિટ તથા વાણિજ્ય પ્રકારના ૧૦ યુનિટનું બાંધકામ દૂર કરી આશરે ૭૫૦.૦૦ મી.નો ટીપી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.

જાહેર નિવિદા

આંગણવાડી કાર્યકર / તેડાગર ભરતી બાબત

સંકલિત બાળ વિકાસ યોજના ગાંધીનગર ઘટક-૧,૨ માં નીચે જણાવેલ ગામોના આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકર અને તેડાગરની ખાલી પડેલ જગ્યા માટે બહેનોની ભરતી કરવાની થાય છે.

કાર્યકરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૧
જીઈબી (સ્મશાન વિસ્તાર), વાવોલ, વાવોલ, સેક્ટર-૧૩ (ઝુંપડપટી વિસ્તાર)

તેડાગરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૧
સેક્ટર-૨૦ (અક્ષરધામ), ખોરજ, ઉવારસદ, પોર, સેક્ટર-૧૪ (ગોકુળપુરા), સેક્ટર-૨૮ (ચરેડી), જીઈબી (સ્મશાન વિસ્તાર)

કાર્યકરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૨
અમીયાપુર, વડોદરા (કાદી વિસ્તાર), રાંદેસણ

તેડાગરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૨
ધણપ, રાંદેસણ, પીંડારડા (શક્તિનગર), નભોઈ, વાંકાનેરડા (તાજપુરના છાપરા), વાંકાનેરડા (નવાપુરા), વડોદરા (કાદી વિસ્તાર), વલાદ, મોટા ચિલોડા, લવારપુર

આગામી ત્રણ માસમાં ખાલી પડનાર જગ્યા :- (ગાંધીનગર ઘટક-૨)માં
ડભોડા (તેડાગર), નાના ચિલોડા (તેડાગર)

શૈક્ષણિક લાયકાત અને શરતો :-

(૧) કાર્યકરમ માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ અને તેડાગર માટે ધોરણ-૭ પાસ નક્કી થયેલ છે.
(૨) ઉમેદવારની ઉમર ૧૮ વર્ષથી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ (જાહેરાતની તારીખે)
(૩) મહિલા ઉમેદવાર પરણિત અને ગામના સ્થાનિક હોવા જોઈએ (રેશનકાર્ડની પ્રમાણિત નકલ, ચૂંટણી કાર્ડની પ્રમાણિત નગર અને તલાટી કમ મંત્રીશ્રી અને સરપંચશ્રીનો સંયુક્ત સહીવાળો અસલ દાખલો રજૂ કરવાનો રહેશે.
(૪) જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અને શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૫) લગ્ન નોંધણીનું પ્રમાણિત કરેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૬) આંગણવાડી કેન્દ્ર જે ગામ કે શહેરના ફળીયા, પરા, વોર્ડમાં આવેલ હોય તેની હદમાં વસવાટ કરતા સ્થાનિક ઉમેદવારે જ અરજી કરવાની રહેશે.
(૭) આંગણવાડી કેન્દ્રમાં નિમણુંક મેળવનાર કાર્યકર / તેડાગરને સરકારશ્રીના વખતોવખતના નિયમોનુસાર માસિક માનદવેતન મળવાપાત્ર રહેશે.
(૮) અરજદારે ઉમેદવારી કચેરીના નોટીસ બોર્ડ ઉપર લગાવેલ નમુનાના ફોર્મમાં કરવાની રહેશે.
(૯) અધુરી વિગત સાથે આવેલ અને સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ રદ ગણવામાં આવશે.

જાહેરાતની તારીખ અગાઉ કરેલ અરજીઓ રદ ગણાશે. જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૨૦માં સાધનિક કાગળો સાથે અરજી રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલવાની રહેશે. સાદી ટપાલ, કુરીયર, સ્પીડ પોસ્ટથી કે કચેરીમાં રૂબરૂ આપેલ અરજીઓ રદ ગણાશે. રદ કરેલ અરજીની જાણ પણ કરવામાં આવશે નહીં. અરજી નીચેના સરનામે મોકલવાની રહેશે.

બાળવિકાસ યોજના અધિકારીશ્રી,
આઈસીડીએસ શાખા, રો. ૧૭, જિલ્લા પંચાયત, ગાંધીનગર

સહી/- બાળ વિકાસ યોજના અધિકારી ઘટક-૧, ૨ જિલ્લા પંચાયત, ગાંધીનગર
સહી/- પ્રાંત અધિકારી

માહિતી/૧૯૯/૨૦૧૨-૧૩

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩ ૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧ ૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૯૭૯૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૭૫૦૭૬૦૬૧
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઓનલાઈન ટેન્ડર નિવિદા નં.-૫ સને ૨૦૧૨-૧૩

૧.	કામનું નામ	મહેસાણા જીલ્લાના બેચરાજી, મહેસાણા અને વિસનગર તાલુકાના ગામોનાં તળાવો ઉંડા કરવાની કામગીરી
૨.	અંદાજીત રકમ રૂ. લાખમાં	રૂ. ૩.૦૭ લાખથી ૨૪.૪૦ લાખ કુલ રૂ. ૧૬૯.૫૬ લાખ (સત્તર કામ)
૩.	ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય (ઓનલાઈન)	તા. ૧૨-૫-૨૦૧૨ સમય : ૧૮.૦૦ કલાક સુધી
૪.	ક્યેરીનું સરનામું, ટેલીફોન અને ફેક્સ નંબર	કાર્યપાલક ઈજનેરશ્રીની ક્યેરી, ધરોઈ નહેર વિભાગ નં.-૩, વિસનગર ફોન નં. : (૦૨૭૬૫)૨૩૧૦૨૪ ફેક્સ નં. (૦૨૭૬૫) ૨૩૧૮૭૧
૫.	વધુ જાણકારી માટે www.statetenders.com અને www.nprocure.comનો સંપર્ક કરવો.	

ક્રમાંક:નામાનિ/મહે/૪૨/૨૦૧૨-૧૩

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન